**વાદીની આંક–૫ ની મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ**

૧. વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલની રજુ કરેલ દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ આસારમાં તા.હાંસોટ, જી.ભરૂચની સીમમાં આવેલ રે.સ.નં.૨૮ ક્ષેત્રફળ ૦–૨૫–૯૩ હે.આરે.ચો.મી. , રે.સ.નં.૫૯ ક્ષેત્રફળ ૦–૭૭–૦૦ હે.આરે.ચો.મી. , રે.સ.નં.૮૨ ક્ષેત્રફળ ૦–૩૫–૦૦ હે.આરે.ચો.મી. , રે.સ.નં.૫૦૪ ક્ષેત્રફળ ૦–૭૫–૦૦ હે.આરે.ચો.મી. , રે.સ.નં.૭૦૫ ક્ષેત્રફળ ૦–૦૧–૦૦ હે.આરે.ચો.મી. વાળી જમીનો જેને હવે પછી દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે. તેમાં વાદીનો ૧/૨ હિસ્સો વણવહેચાયેલો ચાલી આવેલ છે. દાવાવાળી જમીનોના મુળ માલિક વાદીના પિતા જેઠાભાઈ મુળજીભાઈ તથા કાકા ડાહ્યાભાઈ મુળજીભાઈ ચાલી આવેલાં અને તે પૈકી જેઠાભાઈ મુળજીભાઈના અવસાન બાદ તેમના વારસદારોમાં વાદીના માતા ગંગાબેન જેઠાભાઈ તથા વાદી દાવાવાળી જમીનોના ૧/૨ હિસ્સાના માલિક તથા કબજેદાર અને વહીવટદાર થયેલાં જે અંગે ગામનમુના નં.૬માં તા.૦૩–૦૬–૧૯૭૧ના રોજ વાદીના પિતાની વારસાઈ નોંધ નં.૧૪૯૬થી પડેલી. અને ત્યારબાદ ગંગાબેન જેઠાભાઈ ગુજરી જતાં વાદી દાવાવાળી જમીનોના ૧/૨ હિસ્સાના માલિક કબજેદાર તથા વહીવટદાર થયેલાં જે અંગે તા.૧૩–૧૦–૧૯૯૨ના રોજ નોંધ નં.૨૦૯૨થી પડેલી. દાવાવાળી જમીનોના અન્ય સહ માલિક ડાહ્યાભાઈ મુળજીભાઈ પરમાર ગુજરી જતાં તેમના વારસદારોના નામે દાવાવાળી મિલકતમાં નોંધ નં.૨૩૦૨ થી દાખલ થયેલાં અને તે જ દિવસે જશુબેન ડાહ્યાભાઈ , ઉમીયાબેન ડાહ્યાભાઈના નામો નોંધ નં.૨૩૦૩થી તા.૨૭–૦૧–૧૯૯૮ના રોજ હકક કમીથી ડીલીટ થયેલાં. આમ, વાદી હિન્દું હોય હિન્દુ સકસેશન એકટની જોગવાઈઓ મુજબ

૧/૨ હિસ્સો વાદીનો વડીલોપાર્જીત ચાલી આવેલ હોય અને પક્ષકારો વચ્ચે કયારેય કોઈપણ પ્રકાર મિલકત વિભાજન થયેલ નથી. પંરતુ વાદીને જાણવા મળ્યા મુજબ પ્રતિવાદીઓ દાવાવાળી જમીનો વેચાણ કરવા ફરી રહેલાં હોય જેથી વાદીએ જમીનનોનું વહેચણ કરવા અને પોતાનો હિસ્સો છુટો કરી કબજો આપવા પ્રસ્તાવ કરતાં પ્રતિવાદીઓએ વાદીને કોઈ હકક હિસ્સો લાગતો નથી તેમ કહી ઉડાઉ જવાબ આપેલો. જેથી પ્રતિવાદીઓના બદ ઈરાદો વાદીને માલુમ પડેલો. વાદીનુ વધુમાં એવુ કથન છે કે, દાવાવાળી જમીનોનું પાર્ટીશન સહેલાઈ થી થઈ શકે તેમ હોવા છતાં પ્રતિવાદીઓ વિભાજન કરતાં નથી કે હિસ્સો આપતાં નથી અને હાલનો દાવો ચાલતાં ઘણો લાંબો સમય લાગે તેમ હોય અને જો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનો અન્ય કોઈ ત્રાહિત ચાર્જ, ગીરો, વેચાણ કે બક્ષીસ થી વેચે તો ટ્રાન્સફર કરે તો વાદીના કિંમતિ હકોને નુકસાન થાય અને વાદીને અનેક દાવાદુવીના પ્રકરણોમાં ઉતરવું પડે જેથી મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસેડીંગ્સ થાય તેમ હોવાનું જણાવી હાલનો દાવો દાખલ કરેલ છે. અને દાવાવાળી જમીનમાં વાદીનો કાયદેસરનો વણવહેચાયેલો હકક હિસ્સો ચાલી આવેલ છે તે હદહુદથી છુટો પાડી પત્યક્ષ કબજો અપાવવા તથા પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ આપવા દાદ માંગી તથા જાહેરાતની દાદ માંગી હાલનો દાવો દાખલ કરેલ છે અને આંક–૫થી હાલની અરજી રજુ કરી દાવામાં મ્રાગ્યા મુજબના જ કાયમી મનાઈ હુકમની માંગણી કરેલ છે.

૨. પ્રતિવાદીઓને ધોરણસરની દાવા અરજી તથા મનાઈ અરજીની બજવણી કરવામાં આવેલ છે. ધોરણસરની બજવણી થતા પ્રતિવાદીઓ પ્રતિવાદીનં.૧ થી ૩ મુદ્દતે હાજર ન રહેતાંતેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલો ત્યારબાદ પ્રતિવાદી નં.૪ તર્ફે પોતાના વિ.વશ્રી મારફતે હાજર થઈ આંક.૧૬થી દાવાવ અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ

રજુ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.રનાઓએ આંક–ર૦થી પ્રતિવાદી નં.૪ના મુજબ પોતાનો જવાબ ગણવા પુરસીસ આપેલ છે. પ્રતિવાદી નં.૪ તર્ફે રજુ આંક–૧૬ ના લેખિત જવાબ જોતાં તેમાં વાદીના દાવા અરજી મહદ અંશે હકીકતોનો ઈન્કારી કરી વાદીના દાવાને ડીલે લેચીસ અને એકવાયન્સનો તથા ટુકડાધારાની જોગવાઈઓનો બાધ નડતો હોવાનો જણાવી દાવો રદ કરવા જણાવેલ છે. વધુમાં પ્રતિવાદીઓનું એવુ કથન છે કે, વાદી જેના હિસ્સામાંથી કલેઈમ કરે છે તે જેઠાભાઈ મુળજીભાઈ સને–૧૯૭૧માં ગુજરી ગયેલાં છે અને સને–ર૦૦પના હિદુ સકસેસન એમેડેમેન્ટ એકટ મુજબ નામદાર સુપ્રિમ કોર્ટે સ્થાપિત કરેલાં સિધ્ધાંત મુજબ જો મિલકતના ધારણ કરતાં સને–ર૦૦પ પહેલાં ગુજરી ગયેલ હોય તો તેની છોકરીઓના વડીલોપાર્જીત મિલકતોમાં હકક હિસ્સો લાગતો નથી. વળી દાવાવાળી જમીનો વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુકત નામે ચાલે છે જેથી કોઈપણ રીતે કોઈને પણ એકબીજાની સંમતિ વગર ટ્રાન્સફર કરાવી શકાય તેમ નથી. અને પ્રતિવાદીઓનો લાંબા સમયથી દાવાવાળી જમીનીઓ ઉપર શાંત અને પ્રત્યક્ષ કબજો ગામમાં હર કોઈની જાણમાં હોય ત્યારે એક કોઓનરની વિરુધ્ધ બીજા કોઓનરને મનાઈ હુકમ મળી શકે નહીં. પ્રતિવાદીઓનું વધુમાં એવુ કથન છે કે, સને–ર૦૦૦–ર૦૦૧ની સાલમાં વાદીએ પોતે સાસરે સુખી હોય અને બીજી કોઈ જરૂરીયાત ન હોય અને પ્રતિવાદીઓ તમામ વ્યવહાર કરતાં આવેલાં હોય તેથી પોતાનો હકક હિસ્સો જતો કરેલો છે અને માત્ર ખેડૂત તરીકેના લાભો મળતાં રહે તે માટે નામ કમી કરાવેલ નથી. અને આ રીતની કૌટુબિંક વ્યવસ્થા વાદી પ્રતિવાદીઓની વચ્ચે થયેલી હોવા છતાં જમીનોની કિંમત વધતા વાદીની બદ દાનત થયેલ છે. પ્રતિવાદીઓનું વધુમાં એવુ કથન છે કે, વાદીની મનાઈ અરજીની દાદ જોતાં વાદીએ દરમ્યાન મનાઈ અરજીમાં આખરી હુકમની માંગણી કરેલી છે

પરંતુ final relief can not be granted at interim stage નો સિધ્ધાંત ધ્યાને લેતાં વાદીની મનાઈ અરજીમાં માંગેલ દાદ મળી શકે તેમ નથી. તેમ જણાવી વાદીના દાવા અને મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરી પ્રતિવાદીઓને ખર્ચ અપાવવા રજુઆત કરેલ છે.

૩. વાદી તર્ફે પ્રતિવાદીઓના આંક–૧૬વાળા જવાબ રજુ થયા બાદ આંક–૨૨થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓના જવાબની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરી પોતાની દાવા અરજીની હકીકતોને વળગી રહી પ્રતિવાદી નં. ૨ તથા નં.૪ ના લેખિત જવાબમાં લીધેલ તકરારોનો ઈન્કાર કરેલ છે.

૪. વાદી તરફે રજુ થયેલા દાવા અરજી, આંક–પની મનાઈ અરજી તથા આંક–૩ ના લીસ્ટ થી નિશાની ૩/૧ થી નિશાની ૩/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જ્યારે પ્રતિવાદીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. વાદી તરફે વિ.વ.શ્રી. ડી.એમ.મહેતાની દલીલો સાંભળી. તેમજ પ્રતિવાદી નં. ૨ અને ૪ લવ.વ.શ્રી સી.એ.પટેલની દલીલો સાંભળી. વાદી તર્ફે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલાં છે.

(1) 2014(0) AIJEl - SC 55813, Pangu Alias Apputty (Dead) Through L.Rs. V/s. Narayani.

(2) AIR 2008 SUPREME COURT 2291(1) Mandali Ranganna and Ors. etc. v.T. Ramachandra and Ors.

(3) AIR 2010 SUPREME COURT 3240 Daya Singh and anr.V/s. Gurdev singh through L.Rs.

(4)1983 G.L.H. *538 V.V.Bedarkar and A.P.Ravani,JJ Ibrahim shah Mohmad and others V/s. Noor Ahmed Norr Mohamed and others

ઉપરોકત ચુકાદાઓ આ કોર્ટ ધ્વારા માન સહ વંચાણે લેવામાં આવે છે.

૫. ઉપરોકત પક્ષકારોના પક્ષનિવેદન, રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલો ધ્યાને લેતા દાવાવાળી મિલ્કતોનાં મુળ માલિક જેઠાભાઈ મુળજીભાઈ તથા ડાહયાભાઈ મુળજીભાઈ હતાં અને વાદી જેઠાભાઈ મુળજીભાઈના વારસદાર છે તે બાબતે કોઈ તકરાર જણાતી નથી. વળી, વાદી તર્ફે રજુ નિ.૩/૧ થી નિ.૩/૧૫ સુધીના દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડની નકલો જોતાં દાવાવાળી જમીનમાં હાલ વાદી પ્રતિવાદીઓના સંયુકત નામો રેવન્યુ રેકર્ડમાં ચાલે છે તે પણ સ્પષ્ટ થાય છે. આમ, વાદીનો દાવાવાળી જમીનનોમાં હકક સમાયેલો હોવા અંગેનો કેસ બંન્ને પક્ષકારોના પક્ષ નિવેદનો તથા રજુ દસ્તાવેજી પુરાવા જોતાં પ્રથમદર્શનીય કેસ જણાય છે. ત્યારે પ્રતિવાદીઓ જો દાવાવાળી જમીનમાં બારોબાર વાદીની સંમતિ વિના હસ્તાંતર કરે તો વાદીના દિવાની હકકોને નુકસાન પહોંચે અને જેથી નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થવાની સંભાવના માની શકાય તેમ છે અને વાદીની સંમતિ વિના પ્રતિવાદીઓના દાવાવાળી જમીનોના કોઈ વ્યવહાર થાય તો વાદીના દિવાની હકકો નષ્ટ થાય તેમ હોવાનું પણ માની શકાય તેમ હોય તેથી સગવડ અગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં જણાય છે.

૬. જો કે વાદીએ પોતાની આંક–પની મનાઈ અરજીમાં માંગેલ દાદનુ સ્વરૂપ જોતાં વાદીએ પોતાના દાવા અરજીમાં માંગ્યા મુજબ જ દાદ પોતાની આંક–પની અરજીમાં પણ કાયમી મનાઈ હુકમની માંગણી કરેલી છે. આમ, દાવાની મુખ્ય દાદ તેમજ હાલની મનાઈ અરજીની દાદ જોતા એક જ છે. ઉપરોકત બંને દાદ એટલે કે દાવામા ( આંક–૧ ના દાવામા) માંગેલ દાદ અને મનાઈહુકમની અરજીમા (આંક–૫ ની અરજીમા) માંગેલ દાદ એક જ સ્વરુપની છે, આથી વચગાળાની અરજીમા જે દાદ માંગવામા આવેલ છે તે દાદ હાલના તબ્કકે મંજુર કરવાથી સમગ્ર દાવાનુ હુકમનામુ

થઈ જાય તેવી પરિસ્થિતિનું નિમાર્ણ થાય તેમ છે. નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓમાં કાયદાનો એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલો છે કે , વચગાળાના તબકકે આખરી દાદ આપવાની હોવાનું ગણાય ત્યારે વચગાળાના તબકકે તેવી દાદ આપવી ન જોઈએ.

***Jaganben Arvindbhai V/s. State of Gujarat reported in 1999(3) G.L.R. page 2318***

referring ratio laid down by Apex court in the case of 1995 Supp. (3)S.C.C. 590 hon'ble Gujarat High court has held that " temporary injunction if it amounts to final relief at interlocutory stage should not be granted by the civil court "

૭.આમ,વાદીની અરજી સદર મુદ્દા પરત્વે જ ગ્રાહય રાખવાને પાત્ર આ તબકકે જણાતી નથી. વાદીની માંગણી મુજબની દાદ મંજુર કરવાથી પુરાવો નોધ્યા વિના દાવાનું હુકમનામુ થઈ જાય તેવી પરિસ્થિતિનું નિમાર્ણ થાય તેમ છે. જેથી વાદીની હાલની મનાઈ હુકમ માટેની દાદનુ સ્વરૂપ જોતાં હાલના તબકકે મંજુર થવા પાત્ર જણાતુ ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) વાદીની હાલની આંક–પની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજી અંગેનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ ૦પમી મે ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date: 05/05/2017.
Hansot

(ALTAFALI HATIMALI MAKRANI)
GJ01137
PRINCIPAL CIVIL JUDGE
HANSOT